

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નીચલી, હાઈકોર્ટ, ને સુપ્રીમની સીટ બેઠી છે,*
*કાયદાના કાદવે ક્લીનચીટ તૈયાર બેઠી છે.*
*નીટ થઈ નિકળે ગુન્હેગાર મૃતકો મૂંઝાય -*
*ખૂનીઓને પવિત્ર કરવા 'રીટ-ગંગા' બેઠી છે...*
*(કૃપા કરનારી હજાર હાથવાળી કોર્ટ)*

### હાઈકુ

*હોમાઈ જાય!*
*નિર્દોષ આરૂષીઓ -*
*આબરૂ કુંડે...*

*કરી લ્યો તોડ,*
*ને જોખાવી લ્યો માલ -*
*ન્યાય દૂકાને...*

### ચિંતન

**મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।**

**ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**માનવ જીવનનાં બંધન કે મોક્ષનું કારણ મન છે. જેવું આપણું મન એવું જ આપણાને જીવન અને જગત ભાસશે. સુખ-દુઃખ, આશા-નિરાશા, સેવા-સ્વાર્થ, બંધન-મુક્તિ, જ્ઞાન-અજ્ઞાન, વગેરે મન પર અવલંબિત છે. મન જયારે સ્થિર સ્થિતિમાં હોય ત્યારે અંતઃકરણ કહેવાય છે. મન નિશ્ચય કરે ત્યારે બુદ્ધિ કહેવાય છે. મન ચિંતવન કરે ત્યારે ચિત્ત કહેવાય છે. મન કર્તાભોકતાનું અભિમાન કરે ત્યારે અહંકાર કહેવાય છે. મન જયારે ઘાટ-સંકલ્પ-વિકલ્પ કરે ત્યારે મન કહેવાય છે.**

**ઈન્દ્રિયો પણ મનના કહ્યા પ્રમાણે ચાલે છે. અને શરીરનું હલન-ચલન પણ મનને જ આભારી છે. વિચાર સ્ફુરે છે અને પ્રેરાય છે મન દ્વારા જ. આથી મન પરમમિત્ર અને સહાયક છે.**

### સુવિચાર

- જીવનની અસંખ્ય ચિંતાઓના સંતુલન સ્વરુપે ઈશ્વરે આપણને આશા અને નિદ્રા પણ પ્રદાન કરી છે - **જેમ્સ ડગ્લાસ**
- જ્ઞાનની અંતિમ સિદ્ધિ તે સત્કાર્ય - **સંત રોબિન**
- જો ભોજન મળતું રહે તો ગમે તેવું દુઃખ સહન કરી શકાય છે - **બર્મીઝ કહેવત**
- દુર્ભાગ્ય હંમેશા તેને જ ત્યાં આવે છે જે પોતાની જાતને તેને માટે સાચવી રાખે છે - **જનકલ્યાણ**
- પુરુષને દષ્ટિ હોય છે, સ્ત્રીને અંતરદષ્ટિ - **વિક્ટર હ્યુગો**
- ભયે જ જગતમાં ઈશ્વરને પેદા કર્યા છે - **ફાધર વર્ગીસ**
- આજનું ઔષધ : જાંબુના રસમાં સિંધાલુણ ઉમેરી એરટાઈટ શીશીમાં ચાલીસ દિવસ મૂકી રાખી રોજ એક ચમચી રસ પીવાથી લીવરના રોગોમાં તરત ફાયદો થાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એકવાર ભીમે યુધિષ્ઠિરને પૂછ્યું : 'હે રાજન્ ! એક મૂર્ખ, તપસ્વી અને વિદ્વાન શુદ્ધ માણસ બંને બારણે આવીને ઊભા છે, તો તેમાંથી દાન કોને આપવું? તપસ્વીને કે વિદ્વાન ને?'

યુધિષ્ઠિરે જવાબ આપ્યો : 'હે ભીમ!! તપ તો સુખેથી તપી શકાય છે પણ વિદ્યા પ્રાપ્ત કરવી એ બહુ મુશ્કેલ કાર્ય છે. માટે હું તો વિદ્વાનની પૂજા કરીશ અને એને જ દાન આપીશ.'

ભીમે પૂછ્યું : 'હે, રાજન્ ! ચામડાના પાત્રમાં રાખેલું ગંગાજળ અને મંદિરાના કુંભમાં રાખેલું દૂધ જેમ કંઈ જ કામનું નથી તેમ કુપાત્રને પ્રાપ્ત થયેલી વિદ્યા શા ઉપયોગની છે?'

એ જ વેળાએ કૃષ્ણ આવ્યા. એમણે કહ્યું, 'કેવળ વિદ્યા કે તપસ્યાથી પાત્રતા આવતી નથી, પણ જેનામાં વિદ્યા અને આચાર છે. તે જ સુપાત્ર કહેવાય છે.'

# હિમાચલ પ્રદેશ : સત્તાની સંતાકૂકડી

**તંત્રીસ્થાનેથી...**

દેશ અને દુનિયાની નજર જેટલી ગુજરાતની સામે મંડાયેલી છે એટલી હિમાચલ તરફ નથી મંડાઈ. નહીંતર વિધાનસભાની ચૂંટણી તો બેઉ રાજયોમાં યોજાઈ રહી છે. ગુજરાત તો મોદી-શાહની જુગલજોડીનું હોમ સ્ટેટ. વળી ભાજપના એકચક્રી શાસનનો ગઢ. હિમાચલ પ્રદેશમાં અલબત્ત, કોંગ્રેસ અને ભાજપ સત્તાની સંતાકૂકડી જ રમતાં રહ્યાં છે. કયારેક શાન્તાકુમાર જેવા લેખક રાજકારણીએ આ પ્રદેશમાં ભગવા રાજકારણનું શિલારોપણ કર્યુ હતું. શાન્તાકુમાર જેવા વિચારશીલ અને મેધાવી નેતાની પાછળ અટલ બિહારી વાજપેયી જેવા રાષ્ટ્રીય નેતાનું પીઠબળ હતું. જયારે નરેન્દ્ર મોદીએ ભાજપના રાષ્ટ્રીય સંગઠન મંત્રી તરીકે હિમાચલનો હવાલો સંભાળ્યો ત્યારે એમને કોંગ્રેસના ઠાકુર મુખ્યમંત્રી રાજા વીરભદ્ર સામે ઠાકુર નેતા પ્રેમકુમાર ધૂમલને પ્રોજેક્ટ કરવામાં શાણપણ વરતાયું. હિમાચલ પ્રદેશના સિનિયર મોસ્ટ નેતા શાન્તાકુમારને રાષ્ટ્રીય રાજકારણમાં ખસેડી એમના સ્થાનિક પ્રતિસ્પર્ધી ધૂમલને મુખ્યમંત્રી પદ અપાયું. જો કે ધૂમલ અને વીરભદ્રસિંહ વચ્ચે સતત સત્તાની સંતાકૂકડી જ ચાલતી રહી છે અને એ સંદર્ભે આ વખતે મુખ્યમંત્રી બનવાનો વારો પણ ધૂમલનો જ છે. રાજા વીરભદ્રસિંહ તથા એમના પરિવાર સામે ભ્રષ્ટાચારના આક્ષેપો પુરવાર થયા છે અને તેઓ 'જામીન પર' છૂટી ને રાજ ચલાવી રહ્યા છે, એવા પ્રચારમાં આંશિક તથ્ય પણ છે. જો કે એક મુખ્યમંત્રીની પુત્રીના લગ્ન પ્રસંગે જ ઈન્કમ ટેક્ષ અને સીબીઆઈના દરોડા પાડનાર કેન્દ્ર સરકાર કેટલી કિન્નાખોર છે એનો પણ હિમાચલવાસીઓને અહેસાસ થઈ ચૂક્યો છે. રાજા હોવાને કારણે દેવભૂમિમાં ઈશ્વરનો જ અંશાવતાર ગણાતા વીરભદ્રસિંહ પ્રત્યેનું અંગત માન સન્માન હજી સાવ જ સમાપ્ત નથી થઈ ગયું, પણ બીજી તરફ એ પણ સાચું કે કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીએ વૈકલ્પિક નેતૃત્વ ઊભું કરવાની દરકાર નથી કરી અને પ્રદેશને વીરભદ્રસિંહના ભરોસે છોડી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશભરમાંથી કોંગ્રેસનાં મૂળિયાં ઉખેડી નાખવા કૃતસંકલ્પ છે ત્યારે કુદરતી રીતે જ હિમાચલ પ્રદેશ એમને માટે હાલ પૂરતો તો સૉફ્ટ ટાર્ગેટ જ બની રહેલ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ પણ હિમાચલ કરતાં મોદીને એમના હોમ સ્ટેટ ગુજરાતમાં જ ઘેરવાનો વ્યૂહ અપનાવ્યો છે. આથી દેખીતી રીતે જ હિમાચલ પ્રદેશમાં 'એન્ટિ ઈન્કમ્બન્સી' તેમજ પરંપરાગત વારાફરતી સત્તા બદલાતી હોવાની પ્રથાને કારણે ભાજપનું પલ્લુ ભારે લાગે છે. સોનિયા ગાંધી પ્રચાર માટે નીકળ્યાં ખરાં પણ શિમલા પહોંચીને બિમાર પડી ગયાં એટલે તાબડતોબ પાછાં દિલ્હી આવી હોસ્પિટલમાં દાખલ થઈ ગયાં. હિમાચલ પ્રદેશની પહાડી પ્રજાને નોટબંધીથી કશો ફરક નથી પડ્યો. હા, ત્યાંની વેપારી આલમ જીએસટી મુદ્દે કેન્દ્રથી જરૂર નારાજ છે. મોદીની વાક્છટાથી પ્રભાવિત હિમાચલની ચૂંટણી પણ ગુજરાતથી વહેલી થવાની છે, જેથી એના ગુપ્ત સંકેતો ગુજરાતમાં પહોંચાડી ભારતીય જનતા પાર્ટીને ફાયદો અપાવી શકાશે. જોકે હિમાચલ જીતીને ગુજરાત ગુમાવવાનો વારો આવશે તો મોદી અને શાહ બેઉ માટે એ બહુ જ મોટી લપડાક સાબિત થશે. શત્રુઘ્ન સિન્હા જેવા સિનિયર સાંસદે 'વન મેન શૉ' અને 'ટુ મૅન્સ પાર્ટી' કહી જે તીખી કોમેન્ટ કરી છે; અડવાણી, મુરલી મનોહર જોષી અને યશવંત સિન્હાને કોરાણે મૂકવાની કૂટનીતિની જે ટીકા કર છે, તે જોતાં ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે બહુ જ મોટો પડકાર બલકે ઈતિહાસની ભાષામાં કહીએ તો નેપોલિયનનું વોટરલૂ સાબિત થઈ શકે છે. હિમાચલ પ્રદેશમાં હરિફાઈ જ નથી, કોંગ્રેસ મેદાન જ છોડી દીધું છે એટલે ચૂંટણી લડવાની મજા નથી આવતી - એ પ્રકારનાં નિવેદન કરી તાળીઓ મેળવનારા વડાપ્રધાનને વીરભદ્રસિંહ પ્રત્યેના પહાડી પ્રજાના અંતર્નિહિત સમ્માનનો પૂરતો ખ્યાલ હશે કે કેમ તેનો અંદાજ તો પરિણામો પછી જ આવી શકશે.

# હંમેશા પ્રસન્ન ચિત્ત રહેતો શિક્ષક એ શાળાનું ઘરેણું છે



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

'પેલા વિજ્ઞાનવાળા સર તો કેવું ચઢાવેલું મોઢું રાખતા !' સોહમ બોલ્યો.

'અરે, યાર ખૂબ જ કંટાળો આવતો તેમના લેકચરમાં' અંગદે સૂર પૂરાવ્યો.

'પેલા અંગ્રેજીવાળા મેડમ તો જાણે ઘરેથી લડીને જ આવતા હોય એમ લાગતુ હતુ !' હર્ષે ટાપસી પૂરાવી.

આ બધા કોલેજના વિદ્યાર્થીઓ. એક જ શાળામાં ભણેલા. આઠમની રજાઓમાં અંગદના બર્થડેમાં ભેગા થયા હતા. શાળાના સંસ્મરણો વાગોળતા હતા. બર્થ-ડે પાર્ટીની સાથે સાથે શિક્ષકોના ભણાવવાની-બોલવાની-ચાલવાની-વસ્ત્રપરિધાનની રીત અને પધ્ધતિ વિશેની વાતો ચાલી હતી. મીમીક્રી રજૂ કરતાં-કરતાં બર્થ-ડે પાર્ટી આગળ વધી રહી હતી. હળવું મ્યુઝિક વાગી રહયું હતું.

'અરે, પેલા ગણિતના સરે, સોહમને એક ખેંચીને આપી દીધેલી.' મનને મોટેથી કહયું. સૌ હસી પડયાં.

'હા, પણ મારો વાંક હતો જ નહિ, હસી'તી પીંકીને મને ધોઈ નાખ્યો.' સોહમ બોલ્યો.

'હા સાચી વાત' હર્ષે કહયું.

'પેલા પી.ટી.ના સર તો પોલીસવાળા હોય તેમ જ લાગતું!'

''આ પાર્થે કયારેય પ્રાર્થનામાં આંખો બંધ નથી કરી.'' ભારતીએ ફરિયાદના સ્વરમાં કહયું.

'.....પણ હું જયારે આંખો બંધ કરું ત્યારે મને ભગવાનને બદલે આચાર્યા મેડમનો ચહેરો દેખાતો હતો.'

સૌ ખડખડાટ હસી પડયા.

'મનન તને યાદ છે પેલા ગુજરાતીના સર સૌને ગમતાં. તેમનો કલાસ હાઉસફૂલ રહેતો. કયારેય કોઈ મીસ્ચીફ નઈ. કોઈ ફરીયાદ નઈ. સૌ શાંતિથી બેસતાં.' શ્યામલે બધા સાંભળે તેમ કહયું.

'કારણ શું હતું ?' કારણ હતું 'પ્રસન્નતા'. શિવાની બોલી ઉઠી.

''ગુજરાતીના સરને કયારેય ચઢેલા મોઢે જોયા નથી. તેઓ હંમેશા હસતાં-હસાવતાં રહેતા. કલાસરૂમમાં હસતાં-હસતાં જ દાખલ થાય. એકેય દિવસ એવો નથી ગયો કે તેમણે કલાસમાં આપણને હસાવ્યા ન હોય !'' હર્ષની વાત સાથે સૌ એક મત થયા.

'સર, વર્ગમાં દાખલ થાય કે વર્ગનું વાતાવરણ જ બદલાઈ જતું.' ડિમ્પુ બોલી ઉઠયો.

'તે દિવસે મા વિશેની વાત કરતી વખતે 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ ! સરે તેમના સૂરિલા કંઠે ગાયેલું ને સૌની આંખો ભીની થઈ ગયેલી, તે હજી યે યાદ છે.' શિવાની ભીના સ્વરે બોલી.

મનને કહયું, 'બધા વિદ્યાર્થીઓ તેમનું ખૂબ રિસ્પેકટ જાળવતાં. હજી આજે પણ તેમને મળવા જવાનું મન થાય. ખરું ને ?'

હા....હા... સૌ બોલી ઉઠયા.

મોરારિબાપુએ શિક્ષક સંમેલનમાં એકવાર કહેલું તેમ હંમેશા પ્રસન્ન ચિત્ત રહેતો શિક્ષક એ શાળાનું ઘરેણું છે. મનનને બધી વાત યાદ આવી.હાસ્ય એ શિક્ષકનો મોટામાં મોટો સદ્ગુણ છે. આ સદ્ગુણ વિદ્યાર્થીઓની સમસ્યાને સમાધાનની કક્ષાએ લઈ જાય છે. હાસ્યરસિક શિક્ષક વિદ્યાર્થીઓને સાંવેગિક અને બૌધ્ધિક રીતે સમજવામાં શકિતમાન હોય છે. વર્ગખંડની એકધારી પ્રવૃત્તિથી કંટાળેલો વિદ્યાર્થી પ્રસન્ન શિક્ષકને જોઈને અતિપ્રસન્ન થતો હોય છે.

હાસ્ય વડે શિક્ષક વર્ગને જીવંત બનાવે છે. અને વર્ગનું વાતાવરણ હળવાશભર્યુ બનાવી શકે છે. હાસ્ય નિષ્પન્ન કરવાની લ્હાયમાં કોઈ વિદ્યાર્થીનું અપમાન ન થઈ જાય તેની શિક્ષકે

અનુસંધાન પાના નં. ૭ પર

# શ્રી ગણેશજીના સ્વયંભૂ આઠ સિદ્ધક્ષેત્રો - અષ્ટ વિનાયક



**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા

આ દિવાળીની રજાઓમાં અષ્ટવિનાયકની યાત્રાનો અવસર સાંપડ્યો. મહારાષ્ટ્રમાં પુનાની આસપાસ લગભગ ૭૦૦ કિ.મી.ની ત્રિજયામાં ચારેતરફ ફેલાયેલા આ આઠ ગણપતિની યાત્રાનું અનેરું મહત્ત્વ છે.




૧૨ જયોતિર્લિંગની જેમ જ હિન્દુ ભાવિકો માટે આઠ, વિનાયક કે જે સ્વયંભૂ ગણેશ છે, તે તમામ સ્થળોની યાત્રા કરવી મહત્ત્વપૂર્ણ મનાય છે.

સૌ પ્રથમ સ્વયંભૂ ગણપતિ - અષ્ટવિનાયકની યાત્રા બારામતી તાલુકામાં આવેલ મોરગાવ - મયૂરેશ્વર વિનાયકથી શરુ થઈ... પુણેથી લગભગ ૬૫ કિ.મી. દૂર આ વિનાયક છે.

આ સ્થળનું મહત્ત્વ મદ્ગલ પુરાણમાંના છઠ્ઠા ખંડમાં આપેલ છે. ભૃશુંડી ઋષિના કહેવા મુજબ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ અને સૂર્ય આ પાંચ દેવતાઓએ અહીં અનુષ્ઠાન કરી ગશેશપીઠની સ્થાપના કરી હતી. આ સ્થાન પર શ્રી ગણેશે મોર પર બેસી સિંધુ તથા કમલાસુર નામક દૈત્યનો સંહાર કર્યો હતો.

આ ક્ષેત્ર કર્હા નદીના કિનારે આવેલ છે. ગામની વચ્ચે આ મંદિર હોવાથી ગઢ જેવી રચના છે. પ્રવેશ સ્થાનમાં ભવ્ય પથ્થરનો ઉંદર અને નંદી છે. બરાબર ગણેશની સામે જ ઉંદર હોય તેવું આ એક જ અદ્વિતીય મંદિર છે.

ત્યાર બાદ બીજા ગણપતિ સિદ્ધટેક - શ્રી સિદ્ધિ વિનાયક. અષ્ટ વિનાયકમાનું દ્વિતીય ક્ષેત્ર.... અને પૂણેથી કર્જત તાલુકામાં આવેલું આ ક્ષેત્ર ભીમા નદીના કીનારા ઉપર છે... હમણાં પૂણેથી દૌંડ માર્ગે પુલ બાંધવામાં આવ્યો હોવાથી સીધા અને ઝડપથી સિદ્ધટેક જઈ શકાય છે... પૂણેથી લગભગ ૧૦૦ કિ.મી. અને મોરેશ્વરથી ૪૫ કિ.મી. દૂર આ ક્ષેત્ર છે.

અહીંની ગણેશ મૂર્તિની સ્થાપના પ્રત્યક્ષ શ્રી વિષ્ણુ ભગવાને કરી. મધુ અને કૈટભ નામના રાક્ષસોનો વધ કરવા માટે શ્રી વિષ્ણુએ અહીંયા વિનાયકની આરાધના કરી અને તેમને સિદ્ધિ પ્રાપ્ત થઈ તેથી આ ક્ષેત્રને સિદ્ધટેક નામ પ્રાપ્ત થયું.




મંદિરનો ગભારો ડુંગરની એક ટોચ પર હોવાથી આખા ડુંગરની પ્રદક્ષિણા કરવી પડે છે. મંદિરની - ૨૧ પ્રદક્ષિણા ફરવાથી મનોકામના પરિપૂર્ણ થાય છે... તેવી માન્યતા છે.

ત્યારબાદ પુણે સોલાપુર નેશનલ હાઈવે નજીક થેઉર - શ્રી ચિંતામણિ, વિનાયકના દર્શન થાય છે.

અહીંની ગણેશ મૂર્તિની સ્થાપના કપિલ મુનિએ કરી હતી. આ સ્થાન મુળા-મૂઠા નદી કિનારે છે. કપિલ મુનિ પાસે ચિંતામણિ નામનું રત્ન હતું. અને તે રત્ન તેમની બધી જ ઈચ્છા પૂરી કરતુંહતું. ગુણાસુરે એકવાર તેમના આશ્રમમાં આવી કપિલ મુનિ પાસેથી આ રત્ન આંચકી લીધું. કપિલ મુનિએ વિનાયકની ઉપાસના કરી અને વિનાયકે પ્રસન્ન થઈને કદંબના વૃક્ષની નીચે ગુણાસુર પર હુમલો કરીને તેનો પરાજય કર્યો. કપિલ મુનિને પાછુ મળેલું રત્ન તેમણે વિનાયકના ગળામાં પહેરાવ્યું. આ કારણથી અહીં વિનાયક ચિંતામણિ વિનાયકના નામથી ઓળખવામાં આવે છે.

ત્યારબાદ પુણેથી નાસિક તરફ જતા ૮૫ કિ.મી. દૂર જુન્નર તાલુકામાં ઓઝર સ્થિત શ્રી વિઘ્નહર વિનાયક છે.

વિઘ્નસુર ને હરાવવા માટે બધા દેવોએ મળીને અહીં ગણેશની સ્થાપના કરી. પરાશર ઋષિના પુત્ર ગજાનન રુપે તેમણે અહીં અવતાર લીધો. વિઘ્નસુરનો આ સ્થળે નાશ કર્યા પછી, વિઘ્નસુરની મરણાંત ઈચ્છા અનુસાર શ્રી ગણેશે 'વિઘ્નહર' નામે અહીં જ વાસ કર્યો.

ચિમાજી અપ્પાએ વસઈની લડાઈમાં વિજય મેળવ્યા પછી આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. આ સ્થાન કુકડી નદીના કિનારે આવેલું છે.

ઓઝરથી માત્ર ૧૭ કિ.મી. અને પુણેથી ૧૦૨ કિ.મી. ના અંતરે લેણ્યાદ્રી ક્ષેત્રમાં શ્રી ગિરિજાત્મજ (ગિરિજા + આત્મજ) વિનાયકનું મંદિર છે.

અહીં ગણેશની સ્થાપના સ્વયં પાર્વતી માતાએ સ્વહસ્તે કરી હતી. ગજાનન પુત્રના રુપમાં પ્રાપ્ત થાય તે માટે પાર્વતીએ બાર વર્ષ કંદરાઓમાં ગુફાઓમાં તપશ્ચર્યા કરી. ત્યારબાદ ગણેશજી ભાદ્રપદ ચતુર્થીએ સચેતન થઈ બટુક રુપે પાર્વતીની સામે પ્રગટ થયા. સતત ૧૫ વર્ષ ગણેશે અહીં વસવાટ કર્યો તેથી આ ક્ષેત્રનું માહાત્મ્ય ઘણું મોટું છે.

અહીં લગભગ ૨૮ કંદરા (ગુફા) છે. મંદિર સાતમી કંદરામાં હોવાથી તેને ગણેશ કંદરા પણ કહે છે. છઠ્ઠી કંદરામાં બૌદ્ધ સ્તૂપ હોવાથી અહીં અવાજનો પડઘો સાત વખત પડે છે.

ગુફા સુધી પહોંચવા માટે ૩૨૧ પગથિયા છે. પગથિયાં પ્રમાણમાં થોડા ઊંચા હોવાથી ચડાણ ક્લિષ્ટ છે. પરંતુ વૃદ્ધો માટે ડોળીની વ્યવસ્થા છે. ગણેશની મૂર્તિ ગુફાની ભીંતમાં સ્વયંભૂ પ્રગટ થઈ છે. મંદિરનો સભા મંડપ ઘટાદાર અને ભવ્ય છે. તે ૫૮ X ૬૦ ફુટનો છે અને તેમાં કયાંક થાંભલાનો આધાર નથી.

લેણી (ગુફા) પરથી જ આ સ્થળનું નામ લેણ્યાદ્રી છે.

અહીંથી શિવાજી મહારાજનો શિવનેરી કિલ્લો માત્ર ૮ કિ.મી. દૂર જ છે... જ્યાં જે કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ થયો હતો...

વિનાયકની યાત્રા દરમિયાન એક અનુભવ એ રહ્યો કે અહીંના રાજય ધોરીમાર્ગ ખૂબ જ બિસ્માર હાલતમાં છે, અને ટ્રાફિકની સમસ્યા ખૂબ જ છે... બે દિવસમાં અમે છ વિનાયકની યાત્રા કરી શક્યા છઠ્ઠા વિનાયક રાંજણગાવ સ્થિત શ્રી મહાગણપતિની યાત્રા કરી શક્યા... પુણેથી રાંજણગાંવ ૫૦ કિ.મી. છે. આ ક્ષેત્ર પુણે-અહમદનગર રાજય મહામાર્ગ પર છે. ત્રણ વિનાયકની યાત્રા આવતા અંકે...

(ક્રમશઃ)

- jayuoza@gmail.com, Mo. 9898046488

# પોતાની ક્ષમતા કરતા પણ વધુ પુરુષાર્થ કરો



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'મારો જનમ અહીં થયો છે, આટલું સુંદર આયોજન પહેલીવાર જોયું.'

'એટલો આનંદ આવે છે કે બોલવા શબ્દો નથી.'

'અહીં આપણે બેઠા હોઈએ તો લાગે કે આપણા ભારતના ગામના મંદિરમાં જ છીએ.'

આ અને આવી અનુભૂતિ રોજેરોજ ઓછામાં ઓછા પચાસ માણસોના મુખેથી સાંભળવા મળી હતી. આયોજન હતું મસ્તક, સલ્તનત ઑફ ઓમાનમાં. મસ્તક (ઓમાન) સત્સંગ પરિવાર આયોજિત સમુહ શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ પરથી જાણીતો ભાગવત કથાકાર શરદભાઈ વ્યાસે ભાગવતી ગંગા વહાવી હતી.

મસ્કતમાં આ પહેલા અનેકવાર આવી કથાઓના આયોજનનો થયા છે. આ કથાની વિશેષતા એ હતી કે પહેલીવાર સમૂહ આયોજન હતું. ૧૦૯ પોથી યજમાનો અને ૧૦૦ થી વધુ સ્વયંસેવકો આ કાર્યમાં જોડાયેલા હતા. મુખ્ય યજમાન દેવશીભાઈ પરબતભાઈ હીરાણી પરિવાર હતું અને આયોજનની વ્યવસ્થા ચંદ્રકાન્ત ચોથાણી અને કમિટી મેમ્બરોએ સંભાળી હતી.

'ઓમાન' શબ્દનો એક અર્ત ભૂમિ છે, અને અહીં આવનારાને એ અનુભવ થાય છે કે આ ભૂમિ સૌહાર્દ, સહિષ્ણુતા, શાંતિ, સરળતા અને સમૃદ્ધિની ભૂમિ છે.

સમુદ્ર, પહાડ અને રણવિસ્તારે ઓમાનના વ્યક્તિત્વ અને વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. અહીં ઉનાળામાં ઉષ્ણતામાન ૫૦ ડિગ્રી સેલ્શિયલ સુધી વધે છે. વરસાદ ઓછો છે અને ખજૂરના વૃક્ષોની ખેતી થાય છે, કેરી, દાડમ, ઑલીવ અને વોલનટ પણ ખેડૂતે પકવે છે.

સલ્તનત ઑફ ઓમાનના સ્થાનિક કે વિદેશી બંને પ્રજા તરફ સમભાવ રાખતા સુલતાન સાહેબ કાબુસ બિન સૈદના શાસનકાળમાં ઓમાને વિકાસની નવી ક્ષિતિજો આંબી છે અને પ્રગતિશીલ રાજય બન્યું છે.

સેંકડો ગુજરાતીઓએ ઓમાનને પોતાનું વતન બનાવ્યું છે અને હજારો ગુજરાતીઓએ તેને પોતાની કર્મભૂમિ તરીકે અપનાવ્યું છે. અહીં ધાર્મિક - સામાજિક - સાંસ્કૃતિક ઉત્સવો ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ઉજવાય છે. ગોવિંદરાયજીની હવેલી, મોતીસર મહાદેવમાં નિયમિત રીતે ભક્તોની ભીડ જામે છે. અહીં શુક્ર-શનિ રજાના દિવસે અથવા રોજ સાંજ પડે આવો તો ભારતના કોઈ મેદનીમાં આવી ચડ્યા છો એવી સહજ અનુભૂતિ થાય. શ્રીમદ્ ભાગવત કથા સમૂહ ભાગવત્ કથા હતી એટલે ભક્તોના હૃદયમાં જાણે ભક્તિનું પૂર આવ્યું હતું.

અહીં રહેતા ઘણા પરિવારો છે કે 'જેઓ સ્વતંત્ર રીતે આવા આયોજનો ના કરી શકે, તેમણે પણ આયોજનમાં જોડાવામાં અવસર મળ્યા એનો આનંદ સહુના હૈયામાં હતો અને એ રીતે આ કથા નોખી-અનોખી બની રહી હતી.'



ભારતથી આટલે દૂર, ભારતની જ જેમ ધાર્મિક - સાંસ્કૃતિક આયોજનો કરવા મળે એનો આનંદ વિદેશોમાં વસતા ગુજરાતીઓને વિશેષ રહ્યો હોય છે.

મસ્કત-ઓમાનની ધરતીના મૂળ માણસો સાથે ભારતીયો એક થઈ ગયા છે. અહીં માણસના વહેવારમાં પ્રેમ છે. અહીં માણસના વહેવારમાં પ્રેમ છે - આદર છે અને વાસ્તવમાં સર્વધર્મ સમભાવ છે.

નૅક નામદાર સુલતાન સાહેબના દીર્ઘદષ્ટિપૂર્ણ આયોજન હેઠળ ઓમાન વિકસીત રાજય બન્યું એ વાત કહેવાનું એક પણ માણસ ચૂક્યો નથી એટલો બધો આદરભાવ સહુને એમના માટે છે. અહીંની સ્વચ્છતા ઊડીને આંખે વળગે છે. અને સિક્યોરિટીની તમામ શ્રેષ્ઠ સુવિધાઓ વચ્ચે પણ વિના રોક-ટોક અહીં આવનાર પ્રવાસી સુલતાન સાહેબના મહેલના દ્વાર પર જઈને યાદગીરી રૂપે તસ્વીરો પડાવી શકે છે.

સાતત્યપૂર્ણ પ્રગતિ, સૌહાર્દ અને ઉદારતાના સર્વધર્મ સમભાવના આવા વાતાવરણમાં સ્વાભાવિક રીતે જ શાંતિ અને સમૃદ્ધિના અજવાળા રેલાય છે.

●●●

પોતાની ક્ષમતા કરતા પણ વધુ પુરુષાર્થ કરો

- શ્રીમદ્ ભાગવત કથા દરમિયાન સાંભળેલું સૂત્ર